# સાબરકાંઠામાં ધીમા પગલે શિયાળાનું આગમન

## દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થવા માંડ્યો

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા સહિત ગુજરાતમાંથી ચોમાસાએ સત્તાવાર વિદાય લીધા બાદ જિલ્લામાં ધીમા પગલે શિયાળાની શરૂઆત થઈ ચુકી છે અને છેલ્લા ત્રણ દિવસથી દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. તથા દિવસ કરતા રાતના ઉષ્ણતામાનમાં મોટો ફરક દેખાવા માંડ્યો છે. જેને લઈને ખેડૂત વર્ગે શિયાળુ પાકનું વાવેતર કરવા તૈયારીઓ આરંભી દીધી છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ઉષ્ણતામાનમાં થઈ રહેલી વધઘટની સીધી અસર પ્રજા પર પડી રહી છે. દિવસે બપોર બાદ પાંચ વાગ્યા સુધી સામાન્ય ગરમીનો અનુભવ થાય છે. અને તે પછી વાતાવરણ ઠંડુગાર બની જાય છે અને રાત પડતાની સાથે લોકો ફુલગુલાબી ઠંડીનો અનુભવ કરવા માંડ્યા છે. દરમિયાન બુધવારે હિંમતનગર સહિત જિલ્લાનું તાપમાન ૩૪ રહ્યુ હતુ અને લઘુત્તમ તાપમાનનો પારો ૨૪ ડીગ્રી થઈ રહ્યો છે જેના લીધે ગ્રામ્ય વિસ્તારમાં રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાય છે.

તો બીજી તરફ ઠંડી શરૂ થતાની સાથે જ ખેડૂતોએ શિયાળુ પાકનું વાવેતર કરવાનું આયોજન શરૂ કરી દીધુ છે. જિલ્લામાં ખાસ કરીને હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં ડાંગરની કાપણીનું કામ લગભગ ૯૦ ટકા પુર્ણ થઈ જતા તે જ ખેતરોને ખેડૂતોએ ખેડવાનું શરૂ કરીને તેમાં ઘઉંનું વાવેતર કરવા માટે નક્કી કરી દીધુ છે. તો બીજી તરફ નવરાત્રી બાદ ખેડૂતોએ વાવણી કરેલ રાયડાનો પાક પણ પૂર્ણ અવસ્થામાંથી હેમખેમ બહાર નિકળતા ખેડૂતોને હાશકારો અનુભવાઈ રહ્યો છે.

દરમિયાન ગામડાઓમાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા પરીવારો પોતાના પશુઓને લીલો ઘાસચારો મળે તે માટે રજકો, ચીકુડી અને ઓટનું વાવેતર કરવામાં પરોવાઈ ગયા છે. આમેય દિવાળી બાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાયો અને ભેંસોના દૂધના પુરવઠામાં થતા વધારાને કારણે સ્થાનિક મંડળીઓમાં દૂધનો પુરવઠો વધે છે. જો કે એકાદ મહિના બાદ લીલો ઘાસચારો તૈયાર થઈ જશે તે પછી દૂધની ઉત્પાદનમાં ખાસ્સો ફરક જોવા મળશે.

# પ્રાંતિજ નગરપાલિકા વીજબીલ ન ભરતા વીજજોડાણ કપાયું

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા વિજબીલ ના ભરતા પ્રાંતિજ વિજકંપનીએ વીજજોડાણ કાપ્યું તો નિયમિત વેરો ભરતાં રહીશોને અંધારામા રહેવાનો વારો આવ્યો.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વિજકંપની દ્વારા આપવામાં આવતું બીલ ના ભરતા વિજકંપની દ્વારા વિજ પ્રવાહ કપાયો તો પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટો નો વિજ પ્રવાહ કાપવામાં આવતા એપ્રોચરોડ ઉપર અંધાર પટ્ટ છવાયો તો દિવાળી ટાળે જ અંધારપટ થતાં એપ્રોચરોડ ઉપરના રહીશો સહિત નગરજનોમાં રોષ ફેલાયો હતો. આ વિસ્તારના રહીશો નિયમિત રીતે વેરો




ભરતાં હોવા છતાં હાલ તો પાલિકાના પાપે અંધારામાં રહેવાનો વારો આવ્યો છે. એપ્રોચરોડ રોડ ઉપર અંધારપટ થતાં અવરજવર કરતા લોકો સહિત પાસે આવેલ સોસાયટીઓના રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી બીલ બાકી હોઈ વિજકંપની દ્વારા વીજજોડાણ કાપવામાં આવ્યું છે. આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલને આ અંગે પુછતા તેવોએ જણાવ્યુ કે હા ઘણા સમયથી વિજકંપનીનું બીલ ચડતું આવ્યું છે અને ભરાયું નથી ત્યારે નગરપાલિકાના મુખ્ય અધિકારી પોતે આ વર્ષે કોરોનાને લઈને વસુલાત ના થઈ હોવાનું બાનું આગળ કરી હાલ તો લૂલો બચાવ કરતાં જોવા મળ્યા હતા. ત્યારે અંદાજીત ૫૦ લાખથી વધુ વિજબીલ બાકી હોવાથી વિજકંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા કાપવામા આવ્યું છે ત્યારે હવે જોવું એ રહ્યું કે આ નિયમિત વેરો ભરતાં રહીશોને હજુ કેટલુ સહન કરવું પડશે એ તો આવનારા દિવસોમાં જ ખબર પડશે.

# જુનાડીસા ઘન કચરા પ્લાન્ટમાં આગ મુદ્દે ગ્રામજનોની ફરીયાદ

## કોર્ટના પુરાવાનો નાશ કરવા આગ લગાવી હોવાની આશંકા

જુનાડીસા ઘન કચરા પ્લાન્ટમાં લાગેલી આગ સંદર્ભે ગ્રામજનોએ ડીસા રૂરલ પોલીસ મથકે પાલિકાના વહીવટી અધિકારીઓએ પુરાવાનો નાશ કરવા આગ લગાવી હોવાની આશંકા વ્યક્ત કરી લેખિતમાં ફરિયાદ નોંધાવી તટસ્થ તપાસની માંગ કરી છે.

જુનાડીસાના ગ્રામજનોને વિશ્વાસમાં લીધા વગર તત્કાલીન કલેકટરે સર્વે નં. ૭૨૭/પી/૧ પૈકી ૧૦ એકર જમીન ડીસા નગરપાલિકાને ઘન કચરાના નિકાલ માટે ફાળવતા સને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષથી વિવાદનો મધપૂડો છંછેડાયો છે. તેમાં પણ નામદાર સુપ્રીમ કોર્ટ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાઈડલાઈન વગર આડેધડ દૈનિક ૧૫૦૦ થી ૨૦૦૦ ટન કચરાનો નિકાલ કરાતા વિવાદ વકરી ગયો છે. ગંભીર રોગચાળાથી બચવા ગામલોકોએ ટીડીઓથી માંડી છેક મુખ્યમંત્રીને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં ભરાતા નથી તેથી કંટાળેલા ગામલોકોએ હાઈકોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના દ્વાર ખખડાવ્યા છે. જેની પ્રક્રિયા ચાલુ છે ત્યાં ગત તા. ૨/૧૧/૨૦૨૦ના રોજ પ્લાન્ટમાં અચાનક વિકરાળ આગ ફાટી નીકળી હતી. જેનો ધુમાડો ગામમાં ફેલાઈ જતા ગામલોકોને



શ્વાસ લેવામાં તેમજ નજીકમાં સરકારે વસાવેલ વિચરતી વિમુક્ત જાતિના લોકોને જીવવું દુષ્કર બની ગયું હતું. જ્યારે હાઈવે ઉપર તો ધુમાડાનું ગાઢ ધૂમમ્સ છવાઈ જતા વાહન ચાલકોમાં માર્ગ અકસ્માતની દહેશત વર્તાઈ હતી. જે મુદ્દે સરપંચની આગેવાની હેઠળ ગામલોકોએ અધિકારીઓને ગેરમાર્ગે દોરવા ઈરાદાપૂર્વક આગ લગાડી હોવા મુદ્દે ના. કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. તેમછતાં કોઈ પગલાં ન લેવાતા ગામલોકો બાનમાં મુકાયા હતા. જે મુદ્દે આખરે ગામલોકોએ ડીસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી જણાવ્યું હતું કે પાલિકા દ્વારા ઘન કચરાના યોગ્ય નિકાલ માટે મશીનરી મુકવામાં આવી છે પણ તેનો ક્યારેય ઉપયોગ ન કરીને કોર્ટને ગેરમાર્ગે દોરી છે. હકીકતમાં કચરાનો ઢગલો મોટી માત્રામાં વધી જતાં અને રિસાયકલિંગ મશીન પણ બંધ હોઈ ગ્રીન ટ્રીબ્યુનલે પ્રદુષણ નિયંત્રણ બોર્ડને અહેવાલ અને સ્થિતિની સમીક્ષા કરવાનો આદેશ આપેલ હોઈ પાલિકાના વહીવટી અધિકારીઓએ કોર્ટના હુકમથી બચવા આગ લગાવી હોવાની શંકા વ્યક્ત કરી પ્રદુષણ ફેલાવી ૧૫ હજારની વસ્તીના આરોગ્યને જોખમમાં મુકનાર કસુરવારો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# સાબરકાંઠામાં કોરોના પોઝીટીવના વધુ સાત કેસ

હિંમતનગર,તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં બુધવારે કોરોના પોઝીટીવના નવા સાત કેસ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે કુલ આંકડો ૧૨૩૪ પર પહોંચી ગયો છે. જો કે તે પૈકી ૧૧૫૬ દર્દીઓ સાજા થયા હોવાની આરોગ્ય વિભાગનો દાવો છે. અને હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૬૮ છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ જે નવા સાત કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરની આંબાવાડી પોલીસ લાઈનમાં રહેતા ૨૨ વર્ષિય મહિલા, વૈભવ સોસાયટીમાં ૭૦ વર્ષિય મહિલા જ્યારે તાલુકાના રાયગઢ ગામના ૪૫ વર્ષિય પુરૂષ અને જાંબુડી ગામના ૩૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે ઈડર તાલુકાના મોહનપુર ગામમાં ૩૦ વર્ષિય પુરૂષ, ખેડબ્રહ્માના બ્રહ્મા બંગ્લોઝમાં રહેતા ૩૨ વર્ષીય પુરષ અને તલોદની જનતા સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતાં આરોગ્યતંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવાયા છે. હાલ જિલ્લામાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાય છે. ત્યારે દિવાળી બાદ જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધશે ત્યારે શરદી અને ઉધરસના કેસ પણ વધવાની શક્યતા છે જેથી લોકોએ ખાસ કરીને નાના બાળકોના અને વૃદ્ધોની વધુ કાળજી રાખવી પડશે. બુધવાર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંક ૧૨૩૪ પર પહોંચ્યો છે ત્યારે તે પૈકી ૧૧૫૬ દર્દીઓ સાજા થયા છે. પરંતુ દિનપ્રતિદિન નવા નોંધાઈ રહેલા કોરોના પોઝીટીવના કેસને કારણે એક્ટીવ કેસોની સંખ્યામાં ખાસ ઘટાડો નોંધાતો નથી.

## પ્રાંતિજ ખાતે સાંસદ દિપસિંહ રાઠોડને

# એસએસસી ઉમેદવારો દ્વારા ભરતી પ્રક્રિયા પુરી કરવાની માંગ સાથે આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના એસએસસી જી.ડી. કોન્સ્ટેબલ ૨૦૧૮ની ભરતીપ્રક્રિયા ધીમી હોવાને લઈને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ઉમેદવારો દ્વારા વિવિધ માંગણી સાંસદ દિપસિંહ રાઠોડને આવેદનપત્ર આપ્યું હતું.

પ્રાંતિજ ખાતે એસએસસી ઉમેદવારો દ્વારા ભરતી પ્રક્રિયામાં દરેક ઉમેદવારોને આવરી લેવામાં આવે તે માટે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડને આવેદનપત્ર આપ્યું હતુ અને ઉમેદવારો દ્વારા રજુઆતો કરવામાં આવી હતી કે ત્રણ વર્ષ બાદ ઉંમર થઈ જશે તો કોઈપણ જગ્યાએ ઉમરના હિસાબે ભરતી પ્રકિયામાં નબર નહી લાગે જેથી દરેક ઉમેદવારો મેડીકલ ફીટ હોય તેવોને તાત્કાલિક ધોરણે ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે સાબરકાંઠા-અરવલ્લીના ઉમેદવારો દ્વારા સાંસદ દિપસિંહ રાઠોડને આવેદનપત્ર આપીને રજુઆતો કરવામાં આવી હતી.




## એચપી ગેસ યોજનામાં હિંમતનગરના ગ્રાહકને સ્ટવ લાગ્યો

એચપી ગેસ ઈનામી યોજના હેઠળ હિંમતનગરની સાબર ગેસ એજન્સીના ગ્રાહક શેખ અફસાનાબાનું સાજીતમિયાં શેખને ૩ બર્નર ગ્લાસ ટોપ ગેસ સ્ટવનું ઈનામ લાગતાં હિંમતનગર પાલિકાના કોર્પોરેટર વિમલભાઈ ઉપાધ્યાયના હસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સાબર ગેસ એજ ન્સીના મકબુલભાઈ પોથીગરા ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા આવેદનપત્ર આપ્યું

## નિકીતા તોમરની હત્યા કરનારને કડકમાં કડક સજા થાય તે માટે આવેદનપત્ર

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ, પ્રાંતિજ પ્રખંડ દ્વારા હરીયાણાની નિકીતા તોમરની અધર્મી મુસલમાન દ્વારા કરવામાં આવેલ મુસલમાન દ્વારા કરવામાં આવેલ હત્યાનો પણ વિરોધ કરી હત્યારાને સજા થાય તે માટે અને ભવિષ્યમાં પણ આવી ઘટના ફરીવાર ના બને તે માટે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને હાજર અધિકારીને



હત્યાનો વિરોધ કરી તાલુકા સેવા સદન ખાતે આવેદનપત્ર આપ્યું હતુ.

પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ, પ્રાંતિજ પ્રખંડ તથા બજરંગ દળ દ્વારા આજે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે એકઠા થઈ પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને નારા બોલાવી સૂત્રોચ્ચાર કરી હરીયાણાની નિકીતા તોમરની અધર્મી આવેદનપત્ર હતુ. આ પ્રસંગે દિલીપદાસજી મહારાજ, વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ ધીરૂભાઈ, પ્રાંતિજ પ્રમુખ જસવંત રાઠોડ, બજરંગ દળના અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, મંત્રી અંકીતભાઈ પટેલ, નટુભાઈ બારોટ, જી.એસ. પટેલ સહિતના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતના કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



## ડીસા પ્રાંત કચેરી નજીક રોડનું કામ શરૂ થતાં હાશકારો

ડીસામાં હાલમાં બીજા તબક્કામાં ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે જોકે આ કામગીરી દરમિયાન શહેરના મોટાભાગના તમામ રોડને ખોદી દેવામાં આવતા તહેવારો ટાણે જ વાહન ચાલકો, દુકાનદારો અને રાહદારીઓ પરેશાન થઈ ઉઠ્યા હતા. જેમની હાલાકી બાબતે અવાર નવાર મીડિયા દ્વારા સમાચારો પણ પ્રસિદ્ધ થયા હતા. જેને પગલે બુધવારે મુખ્ય રોડ કહી શકાય તે પ્રાંત કચેરીથી બગીચા સુધીના મુખ્ય રોડનું કામ શરૂ કરવામાં આવતા તમામે હાશકારો અનુભવ્યો હતો. જોકે ભૂગર્ભ ગટરની કામગીરીના પગલે આ મુખ્ય રોડનું છેલ્લા એકાદ માસથી કામ શરૂ કરવામાં આવ્યું હતું. જેને લઈને એક તરફનો જ માર્ગ વાહન ચાલકો અને રાહદારી ઓ માટે ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જેથી સતત ટ્રાફિક થવા સાથે ધૂળ પણ ઊડતી હતી. જે હાડમારી વચ્ચે પાલિકા દ્વારા બુધવારે આ રોડના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવતા ડીસાવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો.

# હિંમતનગર પાલિકા વિસ્તારમાં દિવાળી ટાણે ૫૪ ફટાકડાના પરવાના અપાયા

અઠવાડીયા બાદ દિવાળીના તહેવારો આવી રહ્યા છે ત્યારે તે અગાઉ વેપારીઓ ફટાકડાના વેચાણ માટે તંત્ર પાસેથી પરવાના મેળવતા હોય છે ત્યારે હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં આવેલ ત્રણ વિવિધ જગ્યાઓ પર અગાઉથી પરવાનાની માંગણી કરનાર ૫૦ વેપારીઓને બુધવારે ડ્રો કરીને જગ્યાની ફાળવણી કરાવમાં આવી હતી.

આ અંગે પ્રાંતઅધિકારી ચોધરીના જણાવાયા મુજબ હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ત્રણ સ્થળે ગત વર્ષની જેમ ૯૬૦ સ્ટોલ ઉભા થઈ શકે તે માટે જગ્યા નિધરીત કરવામાં આવેલ છે. જે મુજબ આ વર્ષે ૫૭ વેપારીઓએ પરવાના શાખાના માધ્યમથી હિંમતનગર પ્રાંત કચેરીમાં ફટાકડાના હંગામી પરવાના મેળવવા માટે લેખિત રજુઆત કરી હતી. જે મુજબ બુધવારે પ્રાંત કચેરીમાં હંગામી પરવાના માંગનાર ૫૭ વેપારીઓને ડ્રો પધ્ધતિથી જગ્યાની ફાળવણી કરવામાં આવી છે.

## પ્રાંતિજ પોલીસે હત્યાનો ભેદ ઉકલ્યો

# પત્નીએ જ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અંબાવાડા ગામની સીમમાંથી ખારી નદીના પુલ નીચેથી ૧૭ દિવસ પહેલા અજાણ્યા પુરૂષની કોવાયેલી હાલતમાં પુરૂષની લાશ મળી હતી અને પોલીસે લાશ પીએમ અર્થે ખસેડીને ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજની નનાનપુરની ફેકટરીમાં નોકરી કરતાં મૂળ બિહાર રાજ્યના અને ગઢોડામાં પાંચ વર્ષથી રહેતા યુવકની લાશ ૧૭ દિવસ અગાઉ અંબાવાડાની ખારી નદીમાંથી મળી આવવાના પ્રકરણમાં પ્રેમાંધ પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી લાશને નવેક કલાક ઘરમાં રાખી મૂકી ઠંડે કલેજે સ્કૂટી પર લઈ જઈ નદીમાં ફેંકી આવ્યા બાદ પ્રેમી સાથે બિહાર પલાયન થઈ ગઈ હોવાનું બહાર આવતાં બંને આરોપીને પોલીસે બિહારથી લઈ આવ્યા બાદ મૃતકના ભાઈની ફરિયાદને પગલે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.૧૮-૧૦-૨૦ના રોજ અંબાવાડાની સીમમાંથી પસાર થતી ખારી નદીના પુલ નીચે ત્રીસેક વર્ષના અજાણ્યા યુવકની લાશ જોવા મળતા અંબાવાડાના સરપંચના પતિ સોમાભાઈ નાથાભાઈએ પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પોલીસે લાશનો કબ્જો લઈ તપાસ હાથ ધરી હતી. દરમિયાનમાં માહિતી મળી હતી કે નનાનપુર ગામની સીમમાં આવેલ માર્ક એલોય કંપનીમાંથી અમરનાથ નામનો શખ્સ ગુમ થયેલ છે અને ગઢોડાની સીમમાં આવેલ સાગર વિલેજ સોસાયટીમાં રહેતો હતો. જેથી પોલીસે તેના ઘરની આસપાસમાં રહેતા લોકોની પૂછપરછ કરતાં માહિતી મળી હતી કે અમરનાથ, તેની પત્ની, બે વર્ષનું બાળક અને પપ્પુ નામનો શખ્સ રહેતા હતા. અમરનાથની પત્ની નિધિએ



પડોશીઓને કહ્યું કે તા.૧૬-૧૦-૨૦ના રોજ અમરનાથ ઝઘડો કરીને ક્યાંક જતો રહ્યો છે અને તા.૧૭-૧૦-૨૦ના રોજ નિધિ, પપ્પુ ઠાકુર ઘરનો સામાન લઈને બિહાર જતા રહ્યા છે. પત્ની ફરાર થઈ ગઈ હોવાની માહિતી મળતાં પોલીસનો શક મજબૂત બન્યો હતો. મૃતકના ભાઈનો સંપર્ક કરી ફોટા વગેરે મોકલી ઓળખ સ્થાપિત કરી હતી.

તા. ૧૫-૧૦-૨૦ ના રોજ સાંજે ચારેક વાગ્યે અમરનાથની હત્યા કરી ૯ કલાક સુધી લાશને વગે કરવા ઠંડે કલેજે બંને જણાએ આયોજન કર્યું હતું અને તા. ૧૬-૧૦-૨૦ના રોજ મળસ્કે ત્રણ વાગ્યે મૃતકની જ એક્સેસ સ્કૂટી નં.જી.જે-૯-ડી.ઈ-૪૧૯૯ ઉપર લાશને લઈ જઈ અંબાવાડાની સીમમાં જઈ ખારી નદીના પુલ પરથી લાશને નીચે ફેંકી હત્યાને આત્મહત્યામાં ખપાવવાનું પૂરેપૂરૂ પ્લાનિંગ કર્યું હતું.

મૃતક અમરનાથસિંઘ પ્રસાદ (રહે. બાહુઆરા તા. મન્હાવારા જિ.સારન બિહાર) છેલ્લા દસેક વર્ષથી ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ નોકરી કરતો હતો અને વર્ષ ૨૦૧૪થી નનાનપુરની સીમમાં માર્ક એલોય કંપનીમાં મેન્ટેનન્સ વર્કર તરીકે નોકરી કરતો હતો. ગત ડિસેમ્બરમાં તેની પત્ની નિધિ તથા બે વર્ષના દિકરા અંશને સાથે રહેવા લઈ આવ્યો હતો. તેમની સાથે જ ઘરમાં રહેતા પપ્પુ રામસુરત ઠાકુર (રહે. ઈસરૌલી, મન્હાવારા, છાપરા બિહાર)ને છેલ્લા પાંચેક માસથી નિધિ સાથે પ્રેમસંબંધ હોઈ અમરનાથ આડખીલીરૂપ હોઈ બંનેએ તેની હત્યા કરવાનું કાવતરું કર્યું હતું અને ૧૫-૧૦-૨૦ના રોજ સાંજે ચારેક વાગ્યે અમરનાથ ઘરમાં સૂઈ રહ્યો હતો તે દરમિયાન પપ્પુ ઠાકુરે તેના માથામાં પાછળના ભાગે હથોડી ઝીંકી ગળુ દબાવી હત્યા કરી હતી. બિહાર પહોંચેલી પત્નીએ પતિની ઓળખ માટે પ્રાંતિજ પોલીસ સ્ટેશન આવવા ના ભણી, મૃતક તેના પુત્રને મારમારી નીકળી ગયાનું રટણ ચાલુ રાખ્યું.

લાશની ઓળખ થઈ ગયા બાદ પ્રાંતિજ પોલીસે મૃતકના ભાઈ પિયુષ નિષ્કાન્ત સુરેન્દ્રસીંગ કુશવાહા કે જે ભારતીય સેનામાં ફરજ બજાવે છે તેનો સંપર્ક કર્યો હતો અને પિયુષ નિષ્કાન્ત કુશવાહાના જણાવ્યાનુસાર તા.૧૯-૧૦-૨૦ ના રોજ રાત્રે નિધિના પિતા સાથે વાત કરતાં નિધિ વતનમાં આવી રહી હોવાનું જણાવ્યું હતું અને હું નહીં આવું તમે તથા નિધિ પ્રાંતિજ જઈ તપાસ કરી આવજોનો જવાબ આપ્યા બાદ તા. ૨૦-૧૦-૨૦ ના રોજ તેમના ઘેર જતા નિધિએ જણાવ્યું કે અમરનાથ ઝઘડો કરી નિધિ અને દીકરાને મારી નીકળી ગયો હતો અને મારે પોલીસ સ્ટેશન નથી આવવું તેવું કહેતા શક પાકો થયો હતો અને વધુ પૂછપરછ કરતાં ભાંગી પડી હતી અને તેણે તથા પપ્પુ ઠાકુરે ભેગા મળી હત્યાની કબૂલાત કરી લીધી હતી. ત્યારબાદ આવી પહોંચેલ પ્રાંતિજ પોલીસે બંનેની અટકાયત કરી પ્રાંતિજ લઈ આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.